Date: November 14, 2022

| To | To |
|---|---|
| **BSE Limited**<br>Phiroze Jeejeebhoy Towers<br>Dalal Street, Mumbai-400 001<br>**Scrip Code: 543281** | **National Stock Exchange of India Ltd.**<br>Plot No. C1, Exchange Plaza<br>G Block, Bandra Kurla Complex<br>Bandra (East), Mumbai - 400 051<br>**Symbol: SUVIDHAA** |

**Sub: Copy of Financial Results (Consolidated and Standalone) Published in Newspapers**
**Ref: Regulation 47 of SEBI (listing Obligations and Disclosure Requirements) Regulations, 2015**

Please be informed that, pursuant to Regulation 47 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find enclosed copies of Un-audited Financial Results (Consolidated and Standalone) of our Company for the quarter and half year ended September 30, 2022 as reviewed and recommended by the Audit Committee and approved by the Board of Directors at their meeting held on Saturday, November 12, 2022. The same has been published in "Freepress Journal" – English and "Lok mitra" Gujarati editions on Monday, November 14, 2022.

**For Suvidhaa Infoserve Limited**
HARISH RAMESH CHALAM
Digitally signed by HARISH RAMESH CHALAM
Date: 2022.11.14 22:11:42 +05'30'
**Harish Chalam**
**Company Secretary & Compliance Officer**
**Membership No.: A61487**
Place: Mumbai

Encl.: a/a

# BJP fields Hardik Patel from Viramgam, Ravindra Jadeja's wife from Jamnagar North



Ahmedabad : The BJP released on Thursday its first list of 160 candidates for the Gujarat assembly polls, following a meeting of the party's central election committee at its headquarters in New Delhi on Wednesday. Chief minister Bhupendra Patel will contest the election from Ghatlodiya constituency while home minister Harsh Sanghavi has been fielded from Majura seat.

Patidar leader Hardik Patel will contest the elections from Viramgam constituency while cricketer Ravindra Jadeja's wife Rivaba has got a ticket from Jamnagar North.

Of the 160, 84 candidates are for the first phase on December 1 when 89 seats will go to the polls, and 76 for the second on December 5 when remaining 93 seats are going to the polls.

There are 14 female, 13 SC and 24 ST candidates in the list of 160 announced on the day. Union minister Bhupender Yadav said the list includes 69 sitting MLAs, while 38 incumbents have been replaced with new faces.

It is to be noted that former Gujarat CM Vijay Rupani, former deputy CM Nitin Patel, former senior ministers Bhupendrasinh Chudasama and Pradipsinh Jadeja, senior leaders RC Faldu, Saurabh Patel and Kaushik Patel have opted out of the fray this time, saying they will work for the party organisation . They all said that 'others' should be given a chance.

The assembly elections in Gujarat will be held in two phases. The last date for filing nominations for the first phase of elections is November 14 while that for the second phase is November 17.

Union ministers Bhupender Yadav and Mansukh Mandaviya were joined by Gujarat BJP president CR Patil at a press conference in New Delhi where Yadav named the candidates selected by the party.

On Wednesday, the election committee, chaired by Prime Minister Narendra Modi, decided the names of the party candidates. The meeting was attended by Union home minister Amit Shah, Gujarat chief minister Patel, state BJP chief Patil, party national president JP Nadda, Maharashtra deputy chief minister Devendra Fadnavis, Union minister Yadav and former Karnataka CM BS Yediyurappa among others. After the meeting, Shah held a separate meeting with the Gujarat CM and state BJP chief.

The BJP is hopeful of maintaining its uninterrupted winning streak in the state assembly polls since 1995 even as in the 2017 assembly elections, it had obtained a simple majority, despite an increase in vote share. It had won 99 seats, a decrease of 16 seats from the previous 2012 elections. The vote share and number of seats of the Congress, however, increased from the previous election. It had won 77 seats, again 16 more from 2012. This was the highest number of seats won by the Congress since the 1985 election, when it had won 149 seat.

The entry of the Aam Aadmi Party has added an extra dimension to the state's traditional bipolar elections this time, with the BJP's main challenger Congress hit by a fresh round of desertion by its leaders.

# AMC, panchayats frantically hunt for wheelchairs

AHMEDABAD: Of late, many officials of the AMC and of some district panchayats from western Ahmedabad are inquiring about wheelchairs. The reason is that the Election Commission of India has directed that every polling station have one wheelchair and an attendant to assist those with disabilities. There are 21 assembly seats in Ahmedabad of which 16 are located in urban areas and five in rural areas. The city has 5,599 polling stations of which 4,391 are in urban areas and the remaining 1,208 in rural areas. The responsibility of providing wheelchairs and attendants for eight constituencies in the eastern parts of the city has been assigned to the AMC. For eight constituencies in the west, district panchayats have to provide wheelchairs. The authorities are in a fix as they don't have wheelchairs. As of now, officials are trying to look for spare wheelchairs from local hospitals and clinics.

# Madhu Shrivastava 'jokes' he wants his wife to contest polls



VADODARA: Six-time BJP MLA Madhu Shrivastava was in limelight again for the wrong reasons on Wednesday when he stated that his wife will contest elections. He later claimed that he was only joking and BJP did not believe in promoting relatives.

Uncertainty prevailed over the BJP ticket for Shrivastava on the Waghodiya seat. He, however, has been saying repeatedly that he was confident that the party will choose him as a candidate.

On Wednesday, Shrivastava told media persons that the party will take a call regarding his ticket. He added that he was not very keen to contest the polls this time and wished that his wife did so. When asked if the party would give a ticket to his wife, Shrivastava said that as a husband he was saying that she would contest and that he could give her a ticket. Later, however, the motormouth leader realized his goof and claimed that it was a slip of tongue. He tried to damage control claiming it was said in a lighter vein and that BJP did not believe in promoting relatives. Waghodiya has emerged as a seat that the BJP is finding difficult to decide on as Shrivastava is a strong candidate while another suspended BJP member Dharmendrasinh Waghela who had contested as an independent in 2017 may contest the polls again.

# Parties ignore hoarding rules, Ahmedabad civic body anxious

Ahmeabad : Most big political parties like the BJP and the Congress have rented hoarding spaces from the city civic body to put up advertisements across the city.

According to the rules, before the Model Code of Conduct comes into force, the parties have to declare details such as the number of hoardings, locations, and expenditure with the district collectors' offices.

The Ahmedabad district collector's office has set up a single-window clearance system to accept these declarations. However, none of the major parties followed the rules though the MCC has been enforced. The collector's office has now demanded these details from the AMC.

Sources said the civic body gives contracts to private ad agencies to rent out the space. With the collector's office threatening to take action, AMC officials had to personally meet party officials to make them upload their declarations, sources said.

# Gujarat assembly polls: Defections deal a blow to fractured Congress



Ahmedabad: With less than a month to go for the assembly poll, a beleaguered Gujarat Congress is staring at further disintegration with its elected leaders making a hurried exit from the party to join the BJP. A day after tribal strongman and 10-time MLA from Chhota Udepur, Mohansinh Rathwa joined BJP, Talala legislator Bhagwan Barad also donned saffron while Jhalod MLA Bhavesh Katara submitted his resignation to assembly speaker Dr Nima Acharya.

Barad's exit is significant as the BJP, in the 2017 poll, had failed to win even a single seat in Gir-Somnath district under which his constituency falls. The district has four assembly segments.

Barad, also known as Bhagabhai, claimed he was joining the BJP without the precondition of a BJP ticket. Petlad Congress MLA Niranjan Patel is also said to be "keeping his options open".

Though Congress in Gujarat is no stranger to pre-poll defections, losing its MLAs matters this time as an aggressive Aam Aadmi Party (AAP) threatens to slice through its vote share in a triangular contest.

Sources said that over half a dozen MLAs are said to be seriously considering jumpingship and joining the BJP. The pre-election defections were being anticipated after seven Congress MLAs had crossvoted for BJP nominee Droupadi Murmu in the Presidential election held in July.

In 2017, the Congress put up its best-ever electoral show by winning 77 seats, the highest since 1990 when the party's downward slide began. However, switching over to the BJP turned out to be a damp squib for many leaders who did so expecting a better political future. Out of the 19 Congress MLAs who have joined the BJP, seven have been rewarded with ministerial berths with some even getting cabinet ranks.

In all, 14 MLAs had quit before the Rajya Sabha electionwhen veteran Ahmed Patel just managed to scrape through in a cliffhanger of a finish. Most Congress turncoats have a considerable following among their communities, which was evident when eight such MLAs won the bypolls on BJP tickets.

There was unease in the Congress before the 2019 Lok Sabha polls too when Alpesh Thakor, OBC leader and Congress MLA from Radhanpur, joined the BJP along with Bayad MLA Dhaval Jhala. Thakor, however, lost the by-election.

Patidar leader, Hardik Patel, who spearheaded a fierce Patidar reservation stir that had inflicted damage to the BJP in the 2017 poll, has also turned into a foot soldier of PM Narendra Modi after he quit the post of Congress working president in June.

State Congress spokesman Manish Doshi said, "Before every election, the BJP bribes our party's MLAs and gives them tickets. But the voters have shown them the door every time. Congress has always emerged stronger after the exit of such opportunists. "

Yamal Vyas, the state BJP spokesperson said, "The disenchantment among Gujarat Congress leaders and workers is at its peak due to poor central and state leadership. They are impressed by the leadership of PM Modi and Amit Shah. "

# Liquor worth 60 lakh seized, three arrested

Vadodara: The Vadodara (rural) police have seized liquor worth Rs 60 lakh in two different operations that were conducted in Karjan and Manjusar areas on Tuesday night. The local crime branch (LCB) rural sleuths arrested three persons who were ferrying the liquor. The police said that with assembly polls around the corner, liquor ferrying is expected to increase in the region. They have been patrolling the highways and keeping an eye on suspicious vehicles. On Tuesday evening, the LCB got a tip-off that a container ferrying liquor will pass from Manjusar following which they kept a watch on the stretch and intercepted a vehicle. The cops questioned the driver who identified himself as Dharampal Gurjar, a resident of Rajasthan. Upon checking the vehicle, the police team found 13,080 bottles of liquor worth Rs 23 lakh.

# From power to poverty: These ex-MLAs in Gujarat have seen it all



Ahmedabad : The image of an MLA that conjures up in one's mind is that of an influential person swanning around in chauffeur-driven cars, drawing more than Rs 1 lakh in monthly salary and allowances, and has a dedicated staff at his beck and call. While it would sound improbable that a person who has been an MLA could be poor, there are at least a couple of former MLAs who have been living in abject penury.

Jethabhai Rathod, 85, a former MLA from Khedbrahma constituency in North Gujarat's Sabarkantha district, has a BPL (below poverty line) card. Another former MLA Virsinh Mohaniya, 91, lives in a kutcha house and has even worked as a manual labourer in farms to feed his family.

Rathod had won the 1967 assembly election as a candidate of the Swatantra Party, which had bagged 66 seats in the poll. Rathod still lives in Tebda, his ancestral village in Sabarkantha's Poshina taluka. The village has a population of about 4,000 people.

"I had spent around Rs 30,000 provided by my friends and party members for my campaign. I did the campaigning on a bicycle,"said Rathod, who lives in a 20-member joint family comprising two wives, and nine children and grandchildren.

When he got elected as an MLA, Rathod was giftedeight pairs of kurta-pyjamas by one C C Desai, who was the then district panchayat president. "Times have changed drastically. No big neta visited my constituency for campaigningin 1967. We used to take roasted grams for people who attended our election rallies," said the former MLA. Commenting on the canvassing these days, hesaid, "Nowadays, the campaigns have gone hightech, and candidates spend huge amounts of money. In those days, the only agenda we had or the promise we made was to try and solve the water crisis," said Rathod. Before being elected an MLA, Rathod had contested the taluka panchayat poll in 1967, but lost by 195 votes.

Virsinh Mohaniya, 91, who is battling age-relatedhealth issues finds it difficult to walk now. For years after completing his term as Congress MLA from Limkheda seat, which he had won in 1975, he had to work as a manual labourer in the farms because of his poor financial condition. The ex-MLA lives in a kutcha house

## Students aspiring to study abroad cheated

Surat: The police on Tuesday booked two accused in Singanpore Dabholi police station for allegedly duping various people to a tune of total Rs 90 lakh by promising them admission in foreign educational institute. The accused had collected fees from the victims but failed to provide them admission or return the money. Students aspiring to study abroad cheated Cops booked Mehul Parakhiya and Mayur Tejani for alleged criminal breach of trust based on a complaint lodged by a tuition class teacher, Kishore Pokal. In his complaint, Pokal alleged that the accused continued the alleged crime since October 2021. The accused duo offered people admission in Canadian educational institutes. They collected money to pay fees on behalf of the students and told the candidates that the fees had been paid through credit card.

# Footfalls at SOU hit 1 crore mark

Vadodara: In what could be a record for a tourism site in Gujarat, the footfall at the Statue of Unity (SOU) in Narmada district has surpassed the one crore mark in just four years of its unveiling.

SOU officials said that recently the number of tourists who visited the SOU crossed one crore and the numbers are expected to shoot up in the coming months.

"In such a short span, SOU has attracted such a large number of tourists and that too when the site was closed for several months due to the Covid-19

# Man held for stealing money through lost ATM card

AHMEDABAD: Cybercrime police on Tuesday arrested a man from Maninagar for allegedly stealing Rs 1 lakh from a Ghodasar man's lost ATM card in July. According to investigators, Amit Jain, 40, a resident of Namrata Apartments near Aaradhna School in Maninagar, has been trying his luck with lost and stolen ATM cards.

When police caught him, he was found with 81 ATM cards. It is not known how much money he withdrew using these ATM cards.

# Gujarat: NEET repeat! 45% took test again to better score



AHMEDABAD: Neel Patel scored 432 out of 720 in the Undergraduate National Eligibility cum Entrance Test (NEET-UG) 2021 but did not take admission in medicine. He prepared once again for a year and appeared again in 2022 posting an impressive score of 648. By investing a year, Patel not only got admission in the government medical college in Vadodara, one of the top medical colleges in the state but also saved lakhs in fees. "I took a drop as my NEET-UG score last year wasn't close to my year-round average. I had significant room for improvement. Last year, I was getting admission in management quota which means I had to pay about Rs 75 lakh to Rs 90 lakh in fees," Patel said and added that he didn't want to burden his parents with hefty fees that private colleges demanded. Patel said now that he has got admission in a government


## SUVIDHAA INFOSERVE LIMITED

suvidhaa

(CIN : L72900GJ2007PLC109642)

Registered Office : Unit No. 02, 2nd Floor, GIFT-II Building, Block No. 56, Road-5C, Zone-5, Gift City, Gandhinagar-382 355
Corporate Office : 14, Olympus Industrial Estate, Off. Mahakali Caves Road, Andheri (East), Mumbai-400 093.
Tel. No. + 91 922325225 E-mail: cs@suvidhaa.com Website: www.suvidhaa.com

**EXTRACT OF CONSOLIDATED AND STANDALONE UN-AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED SEPTEMBER 30, 2022**

(₹ in million)

| Sr. No. | Particulars | Consolidated | | | | | | Standalone | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended | | | Half Year ended | | Year Ended | Quarter ended | | | Half Year ended | | Year Ended |
| | | 30.09.2022 | 30.06.2022 | 30.09.2021 | 30.09.2022 | 30.09.2021 | 31.03.2022 | 30.09.2022 | 30.06.2022 | 30.09.2021 | 30.09.2022 | 30.09.2021 | 31.03.2022 |
| | | (Un-audited) | (Un-audited) | (Un-audited) | (Un-audited) | (Un-audited) | (Audited) | (Un-audited) | (Un-audited) | (Un-audited) | (Un-audited) | (Un-audited) | (Audited) |
| 1. | Total Income from Operations (net)* *(This includes other income) | 61.53 | 59.18 | 79.48 | 120.70 | 221.29 | 455.72 | 46.32 | 54.84 | 79.48 | 101.16 | 221.07 | 414.46 |
| 2. | Net Profit / (Loss) for the period (before Depreciation,Tax, Exceptional and / or Extraordinary items) | 18.38 | 28.03 | 1.50 | 46.41 | 20.91 | 116.00 | 20.44 | 27.67 | 11.43 | 48.10 | 32.47 | 75.55 |
| 3. | Net Profit /(Loss) for the period before Tax (before Exceptional and / or Extraordinary items) | -16.50 | -6.48 | -33.38 | -22.98 | -48.64 | -24.39 | -14.38 | -6.84 | -23.45 | -21.22 | -37.12 | -64.84 |
| 4. | Net Profit / (Loss) for period before tax (after Exceptional & / or Extraordinary item) | -16.50 | -6.48 | -33.38 | -22.98 | -48.22 | -21.70 | -14.38 | -6.84 | -23.45 | -21.22 | -36.70 | -62.16 |
| 5. | Net Profit / (Loss) for period after tax (after Exceptional & / or Extraordinary items) | -16.50 | -6.48 | -33.38 | -22.98 | -48.22 | -24.93 | -14.38 | -6.84 | -23.45 | -21.22 | -36.70 | -62.16 |
| 6. | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | -16.50 | -6.48 | -33.38 | -22.98 | -48.22 | -25.21 | -14.38 | -6.84 | -23.45 | -21.22 | -36.70 | -62.45 |
| 7. | Paid- up Equity Share Capital (Face value of ₹ 10/- each) | 207.45 | 203.29 | 203.29 | 207.45 | 203.29 | 203.29 | 207.45 | 203.29 | 203.29 | 207.45 | 203.29 | 203.29 |
| 8. | Reserve (excluding Revaluation Reserves) as shown in the Audited Balance Sheet of previous year | | | | | | 514.56 | | | | | | 1,083.32 |
| 9.. | Earnings Per Share (Face Value of ₹ 10/- each) (For continuing and discontinued operations) - 1. Basic (Not annualized) : | -0.08 | -0.03 | -0.16 | -0.11 | -0.24 | -0.12 | -0.07 | -0.03 | -0.12 | -0.10 | -0.18 | -0.31 |
| | 2. Diluted (Not Annualized) : | -0.08 | -0.03 | -0.16 | -0.11 | -0.24 | -0.12 | -0.07 | -0.03 | -0.12 | -0.10 | -0.18 | -0.31 |

**Notes:**

The above is an extract of the detailed format of the Un-audited Financial Results (Standalone and Consolidated) for the quarter and half year ended **September 30, 2022,** the same has been filed with the Stock Exchanges under Regulation 47 read with Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full formats are available on the website of the Stock Exchange(s) **at www.bseindia.com & www.nseindia.com** and the Company's website at **https://www.suvidhaa.com/financial-results.html**

For and on behalf of **Suvidhaa Infoserve Limited**
sd/-
**Prashant Thakar**
Executive Director & CFO
DIN: 03179115

Date : November 12, 2022
Place: Mumbai

# સંપાદકીય

## બે તબક્કા શા માટે ?

રાજ્યના મતદારોનું મન આ વખતે અકળ રહેવાનું છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખ(એકવચન) ને બદલે તારીખો(બહુવચન) જાહેર થઈ એ એક અનપેક્ષિત ઘટના છે. શાન્ત-પ્રશાન્ત રાજ્ય ગુજરાતમાં સદાય એક જ તબક્કામાં મતદાન થતું આવ્યું છે પરંતુ સત્તાધારીઓના વાજિંત્ર જેવા ચૂંટણી પંચે બે તબક્કામાં મતદાન ઠરાવ્યું છે. આનું કારણ એ છે કે ડબલ એન્જિન સરકારને થોડોક ભય લાગ્યો હોવાથી એ ડબલ તાકાતથી કામ કરવા ચાહે છે. બે તબક્કા હોવાથી બન્ને ક્ષેત્રોમાં ફુલફોર્સ કામે લગાડી શકાય. આ બે તબક્કા એ ભાજપને ભીતર સતાવતા ભયનો દસ્તાવેજ છે. એ ખરેખર ભય નથી પરંતુ આત્મવિશ્વાસને લાગેલા વિવિધ આંચકાઓ છે. એટલે આત્મવિશ્વાસ પુલની જેમ ઝૂલવા લાગ્યો છે. આમ આદમી પાર્ટીને તો વકરો એટલો નફો છે અને જે મળે એને પ્રજાપ્રસાદ માનીને પરિણામને માથે ચડાવવાનું છે.

રહી વાત કોંગ્રેસની તો એમાં તો પરાજય જ એક તાકાત છે ! બહુ પછડાટ ખાધેલો વીર કુસ્તીની રિંગમાં ઉતરતા ડરતો નથી. વિજય કોંગ્રેસ માટે સ્ટ્રેટેજી નહિ પણ સરપ્રાઈઝ હોય છે. તો પણ રાષ્ટ્રીય કક્ષાએ કોંગ્રેસ બેઠી થઈ રહી છે અને ભારતીય લોકમતમાં એનું નામ ફરી તળિયેથી સપાટી પર દેખાવા લાગ્યું છે. કોંગ્રેસે હવે ભાજપે જેમ ગુજરાતને મોડેલ સ્ટેટ તરીકે પ્રસ્તુત કર્યું હતું એ જ રીતે રાજસ્થાનને મોડેલ સ્ટેટ તરીકે લોકચિત્તે પાકુ કરાવવા વાજા વગાડવાના ચાલુ કર્યા છે. આ વખતની વિધાનસભાની ચૂંટણીનો રંગ હજુ બરાબર જામ્યો નથી. તમામ રાજકીય પક્ષો પોતપોતાના વરઘોડા લઈને ઢોલ-નગારા ટીપી રહ્યા છે, સત્તાધારી ભાજપ અને કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટીમાં દરેકને પોતપોતાની ચિંતાઓ જ તેમની છાવણીમાં પ્રવર્તી રહેલી દેખાય છે.

ભાજપના નેતાઓ વધુ પડતા આત્મવિશ્વાસમાં સભાઓમાં પોતાના તરંગો જેમ જેમ વહેતા કરતા જાય છે તેમ તેમ વિરોધપક્ષોની ઈવીએમ મતદાન પ્રણાલિકા પરની શંકા દ્રઢ થતી જાય છે. વિરોધ પક્ષોએ નવેસરથી ઈવીએમ પદ્ધતિનો જોરશોરથી વિરોધ કર્યો છે. ઈવીએમનો વિરોધ કરનારા મુખ્ય રાજનેતા અરવિંદ કેજરીવાલ દિલ્હી રાજ્યની ચૂંટણીમાં અને પછી પંજાબમાં ઈવીએમનો મધુર આસ્વાદ માણી ચૂક્યા પછી ચૂપ છે. તેઓ ગુજરાત વિધાનસભાની ચૂંટણી પ્રચાર યાત્રા દરમિયાન પણ હવે ઈવીએમનો વિરોધ નહિ કરે કારણ કે એમના કંઠે કોઈએ અદ્રશ્ય તાવિજ બાંધી દીધું છે. ગઈ ગુજરાત વિધાનસભાની ચૂંટણી વખતે કેટલાક એવા વીડિયો વાયરલ થયા હતા જેમાં બુથમાં ગોઠવાયેલા ઈવીએમ મશીનોમાં ગેરકાયદે તત્ત્વો સેટિંગ કરી રહ્યા છે અને પૂછપરછ કરતા તેઓ નાસવા લાગે છે. આ વખતે પણ ચૂંટણી ટાણે સંબંધિત લોકો એને ફરી તરતા મૂકશે.

આ શ્રેણીના કેટલાક વીડિયોમાં કેટલાક તો દસ વરસ પહેલાની વિધાનસભા ચૂંટણી વેળાના પણ છે જે જાણે કે હમણાંના હોય તે રીતે પુનઃ પ્રસારિત થયા હતા. ભાજપને પરાજયનો ભય લાગવાના કારણો સ્પષ્ટ છે. તો પણ એની પાસે સંગઠનની અદ્વિતીય તાકાત છે. પેજપ્રમુખોનું અનોખું તારામંડળ છે. બીજી તરફ ગ્રામ વિસ્તારોમાં તો પ્રચારમાં નીકળતા ભાજપ-કોંગ્રેસ બન્ને પક્ષના ઉમેદવારો પણ કડવા અનુભવોમાંથી પસાર થઈ રહ્યા છે. લોકસભાની ગઈ ચૂંટણી વખતે દેશના કેટલાક ગ્રામ વિસ્તારોમાં તો ચોક્કસ પક્ષના ઉમેદવારો માટે પ્રવેશબંધીના બોર્ડ પણ લટકાવવામાં આવ્યા હતા. અને છતાં ભાજપે જ્વલંત પરિણામો મેળવ્યા હતા.

આપણા દેશમાં પશ્ચિમ બંગાળની છેલ્લી વિધાનસભા ચૂંટણી પછી બધાને ઈવીએમ પર વિશ્વાસ બેસી ગયો છે. અને ત્યાર બાદ ઈવીએમ પ્રકરણ જ અભરાઈ પર ચડી ગયું છે. દેશ અને દુનિયામાં ઈવીએમ વિરોધી એક લોબી છે જે સતત એવો દાવો કરે છે કે જે પ્રજાએ પોતાની લોકશાહીને બચાવવી હોય એમણે ઈવીએમ પર ભરોસો કરાય નહિ, કારણ કે ઈવીએમ હિઝ માસ્ટર્સ વોઈસની ભૂમિકા અદા કરી શકે છે અને શાસકોએ કરાવેલા પ્રોગ્રામિંગ પ્રમાણેના પરિણામોને જન્મ આપી શકે છે ! પરંતુ એ વાત પણ ધ્યાનમાં લેવી ઘટે કે દેશના મુખ્ય ચૂંટણી કમિશનરે ઈવીએમ હેક કરી બતાવવા જાહેર પડકાર ફેંક્યો હતો, પરંતુ કોઈ એ પડકારને ઝિલવા ચૂંટણી પંચ સન્મુખ હાજર થયું ન હતું. વિપક્ષોની મુંઝવણ એ છે કે એને ઈવીએમ ક્યારેક દોરડું લાગે છે તો ક્યારેક સાપ લાગે છે !

## ઉત્તર ભારતમાં પ્રદૂષણ

પંજાબમાં પરાળ બાળતા રહેવાને કારણે દિલ્હી-એનસીઆરમાં વાયુ પ્રદૂષણનું સ્તર ખતરનાક સ્તર સુધી પહોંચી ગયા બાદ ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન એટલે કે ગ્રેપના ચોથા ચરણને લાગુ કરવું પડ્યું. આવું એટલા માટે કરવું પડ્યું, કારણ કે ગ્રેપના ત્રીજા ચરણના પ્રતિબંધો નિષ્ફળ સાબિત થયા. ગ્રેપના ચોથા ચરણને લાગુ કરવાની જાહેરાતની સાથે જ દિલ્હીની સાથે પડોશી શહેર નોઈડામાં પણ કેટલાય પ્રતિબંધો લગાવવામાં આવ્યા છે, પરંતુ પ્રદૂષણનો માર ફક્ત દિલ્હી-એનસીઆર સુધી જ સીમિત નથી. ઉત્તર ભારતના કેટલાય વિસ્તારો એવા છે જ્યાંની હવાની ગુણવત્તા ખરાબ અથવા બહુ ખરાબ છે. કેટલાંક ક્ષેત્રોમાં તો વાયુની ગુણવતા દિલ્હીથી પણ ખરાબ છે, જેમ કે ચરખી-દાદરી. આ જ રીતે ભોપાલ, કટિહાર સુદ્ધાંમાં પણ વાયુ પ્રદૂષણ ખતરનાક સ્તર પર પહોંચી ગયું છે. વાસ્તવમાં ઉત્તર ભારતનાં જે શહેરોમાં હવાની ગુણવત્તાનું સ્તર લોકોના સ્વાસ્થ્ય માટે ઠીક નથી, તેમની ગણતરી કરવી મુશ્કેલ છે, પરંતુ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે માત્ર દિલ્હી-એનસીઆરના વિષાક્ત વાયુમંડળની. એનાથી ઉત્સાહિત ન થઈ જવાય કે દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણનું સ્તર ખતરનાક સ્થિતિ સુધી પહોંચી ગયા બાદ કેન્દ્ર સરકાર પણ સક્રિયતા દેખાડી રહી છે અને રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ સાથે સુપ્રીમ કોર્ટ પણ, કારણ કે તેની પરવા નથી કરવામાં આવતી કે ઉત્તર ભારતના એક મોટા ક્ષેત્રનું વાયુમંડળ ઝેરી થઈ રહ્યું છે.

જો કેન્દ્ર સરકાર અથવા સુપ્રીમ કોર્ટ ફક્ત દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણ ઓછું કરવાના ઉપાયો પર ભાર મૂકે છે તો તેનો કોઈ મતલબ નથી રહેવાનો. તેમણે સમગ્ર ઉત્તર ભારતના પર્યાવરણની ચિંતા કરવી પડશે, કારણ કે સ્વચ્છ હવામાં શ્વાસ લેવાનો જેવો અધિકારી દિલ્હી-એનસીઆરના લોકોને છે, એવો જ દેશના અન્ય હિસ્સાના લોકોને પણ. જોકે તેના અણસાર ઓછા જ છે કે પ્રદૂષણને ઓછું કરવા માટે તાબડતોબ ઉપાયો થઈ શકશે, કારણ કે દિલ્હી અને કેન્દ્ર સરકારની સાથે બધા જ એ જાણતા હતા કે જો પંજાબમાં પરાળ બાળવાનું બંધ નહીં થાય તો ઉત્તર ભારતની હવા દમ ઘોંટશે. તેમ છતાં પણ સમય રહેતાં પ્રભાવી પગલાં ન ભરવામાં આવ્યાં. રહી-સહી કસર પંજાબ સરકારના ઢીલાપોચા વલણે પૂરી કરી દીધી. તેણે એના માટે કોઈ પ્રયાસ જ ન કર્યા કે ખેડૂતો પરાળ ન બાળે. સમજવું મુશ્કેલ છે કે જો હરિયાણા સરકાર પરાળ દહન પર પ્રભાવી અંકુશ લગાવવામાં સફળ રહી હોય તો પંજાબ સરકાર એવું કેમ કરી ન શકી? સારું રહેશે કે કેન્દ્ર સરકારની સાથે જ સુપ્રીમ કોર્ટ એ જુએ કે પંજાબ સરકાર કેમ નિષ્ફળ રહી? તેની સાથે જ તેમણે દિલ્હી-એનસીઆરની સાથે ઉત્તર ભારતના પર્યાવરણની પણ ચિંતા કરવી પડશે, કારણ કે દિલ્હી જ દેશ નથી. એ પ્રતીતિ ન થવી જોઈએ કે દેશના અલગ-અલગ ક્ષેત્રોના લોકોના સ્વાસ્થ્યની ચિંતા કરવામાં ભેદભાવ રાખવામાં આવે છે.

# આર્થિક રીતે નબળાઓની અનામતને સુપ્રીમની મહોર

ગુજરાત અને હિમાચલ પ્રદેશની વિધાનસભાની ચૂંટણી માથે છે ત્યારે જ સુપ્રીમ કોર્ટે આર્થિક રીતે નબળા વર્ગો (ઈડબલ્યૂએસ) માટે શિક્ષણ અને સરકારી નોકરીઓમાં ૧૦% અનામત આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારના બંધારણીય સુધારાને વાજબી ઠરાવ્યો છે. તમામ રાજકીય પક્ષોએ એને આવકારવા સિવાય છૂટકો નથી. માથે ચૂંટણી હોય ત્યારે સુપ્રીમના આ ચુકાદાને નકારે એ પક્ષ ધોવાઈ જાય એ સ્વાભાવિક છે. ભાજપના વડપણવાળી કેન્દ્ર સરકારે આર્થિક રીતે નબળાઓને ૧૦% અનામતની લહાણી કરીને લોકસભાની ૨૦૧૯ની ચૂંટણીમાં જવાનું પસંદ કર્યું. ૨૩ મે ૨૦૧૯ના રોજ આ સોગટી કામ લાગી હતી, ભલે એણે પાટીદાર આંદોલનના પગલે ગુજરાતનાં મુખ્યમંત્રી આનંદીબહેન પટેલની ખુરશીનો ભોગ લીધો હોય. વાસ્તવમાં પાટીદાર અનામત આંદોલન તો પટેલોને ઓબીસીમાં દાખલ કરવાના મુદ્દે શરૂ કરાયું હતું અને હવે એના નેતાઓ ૧૦% ઈડબલ્યૂએસનો યશ પોતે લેવાની કોશિશ કરે છે. પટેલોને ઓબીસીમાં સમાવવાના આગ્રહી હાર્દિક પટેલ અને એનાં વિરોધી અલ્પેશ ઠાકોર એ બંને આંદોલનકારી નેતાઓ હવે તો કોંગ્રેસ છોડીને ભાજપમાં સામેલ થયેલા છે. હકીકતમાં ૧૦% ઈડબલ્યૂએસનો યશ તો વડાપ્રધાન મોદીને ફાળે જ જાય. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી પહેલાં કૉંગ્રેસ-રાષ્ટ્રવાદી સહિતની કેન્દ્ર અને મહારાષ્ટ્રની સરકારે જાટ અને મરાઠા અનામતના મુદ્દે આવો જ ખેલ કર્યો હતો. એને એ કામ ના આવ્યો. રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગે જાટ સમાજને અન્ય પછાત વર્ગો (ઓબીસી)માં મૂકવાનો નન્નો ભણ્યા હતો. એ જ રીતે મહારાષ્ટ્રની કૉંગ્રેસ-રાષ્ટ્રવાદી કૉંગ્રેસ સરકારને ત્રણ-ત્રણ પંચોએ મરાઠાઓને ઓબીસી અનામતનો લાભ આપી ના શકાય એવું સૂચવ્યું હતું. આમ છતાં મતની લ્હાયમાં ગુજરાત સહિતનાં રાજ્યોમાં જાટ સમુદાયને ઓબીસી અનામત આપવાનું અને મહારાષ્ટ્રમાં મરાઠા સમાજને ૧૬ % અને ૫% મુસ્લિમ સમાજને અનામત આપવાનું જાહેર કરાયું હતું. જોકે કૉંગ્રેસ અને મિત્રપક્ષોનો એ વાર ખાલી ગયો. ચૂંટણીમાં પરાજય ઉપરાંત અદાલતોમાં પણ આ અનામત મુદ્દે પરાજય થતાં જનાક્રોશ વધ્યો. મહારાષ્ટ્રમાં ભાજપના સત્તારોહણ પછી મુસ્લિમોને ધાર્મિક દ્રષ્ટિએ અનામત આપવાનું બંધારણીય નહીં હોવાનું જણાવીને મરાઠાઓને તો ૧૬% અનામતનું વચન આપવામાં આવ્યું. ચૂંટણી પહેલાં અનામતની લહાણી કરાયા પછી અદાલતો એની સમીક્ષા કરે ત્યારે આ અનામતના કેટલા લાભ મળશે, એ બાબતે લટકતી તલવાર જ રહે છે. સુપ્રીમ કૉર્ટ અને વિવિધ રાજ્યોની હાઈકૉર્ટોમાં અનામતો સામે આવા ઢગલાબંધ ખટલા દાખલ કરાયેલા છે. દક્ષિણનાં મોટાભાગનાં રાજ્યોમાં તો અનામતની ટકાવારી ૫૦ %ને બદલે ૮૦% ને પણ વટાવી ગઈ હોવાના વિચારાધીન ખટલાઓનો નિવેડો પણ ક્યારે આવશે એની પ્રતીક્ષા છે. સુપ્રીમના તાજા ઈડબલ્યૂએસ અંગેના ૪:૧ના ચુકાદા પછી અનામત ટોચમર્યાદા રહેતી નથી છતાં આ ચુકાદા સામે રીટ અરજીઓ કે સમીક્ષા અરજીઓ થતાં એ મોટી બેંચ સમક્ષ જાય તો શું થાય એનું વિચારવું રહ્યું.

**અનામતોની ચૂંટણી ટાણે ખેરાત**

લોકસભાની ચૂંટણીનાં પડઘમ વાગવામાં હતાં ત્યારે કેન્દ્ર સરકારે આર્થિક રીતે નબળાઓને ૧૦% અનામત આપવા માટે બંધારણ સુધારાનો ખેલ ખેલ્યો. મહારાષ્ટ્ર સરકારે મામકાઓ પાસે ઉભડક સર્વેક્ષણ કરાવીને પછાત આયોગના અનુકૂળ અધ્યક્ષ અને સભ્યો થકી ૧૬% મરાઠા અનામત જાહેર કરી દીધી. મુંબઈની વડી અદાલતે મરાઠા અનામતના અમલ સામે મનાઈ ફરમાવી એટલે રાજ્યની સરકાર સુપ્રીમ કૉર્ટમાં ગઈ. સુપ્રીમ કૉર્ટે ઈન્દિરા સાહની કેસમાં આપેલા ઐતિહાસિક ચુકાદા અનુસાર અનામતની કુલ ટકાવારી ૫૦%થી વધવી ના જ જોઈએ,પણ તમિળનાડુ સહિતનાં રાજ્યોમાં એ ૫૦%ને અતિક્રમી ગઈ હોવાથી સુપ્રીમના ચુકાદાની પણ ઐસી કી તૈસી કરીને હવેની સરકારો અને રાજકીય પક્ષો લોકપ્રિય અનામતોની ખેરાત કરવાની સ્પર્ધામાં છે. આર્થિક રીતે નબળાઓને બંધારણ સુધારીને ૧૦% અનામત આપવા જતાં અનામતની ટકાવારી કેટલાંક રાજ્યોમાં તો ૮૦%એ પહોંચે છે એટલે આવા સંજોગોમાં અદાલતી ખટલા જ નહીં, સમાજો વચ્ચે વિદ્વેષ પણ વધવાના. સંસદમાં જ ઓબીસી નેતાઓએ કહ્યું હતું કે દેશમાં ઓબીસીની વસ્તી ૫૨% થી ૫૪ % હોવા છતાં અનામતની ૫૦%ની કૅપને કારણે ઓબીસીને ૨૭% અનામત અને છોગામાં ક્રીમીલેયરની મર્યાદા અદાલતે મૂકી હતી. હવે ૫૦%ની મર્યાદા ના રહે તો ઓબીસીની અનામતની ટકાવારી વધવી જ જોઈએ.

**કોંગ્રેસ ૨૦% ઈડબલ્યૂએસના પક્ષે**

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન થયું અને પહેલો ભોગ પાટીદાર નેતાગીરીનો લેવાયો.મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે સુપ્રીમ કૉર્ટના ઈન્દિરા સાહની ચુકાદાનું રટણ કર્યા કર્યું, ૫૦ ટકાથી વધુ અનામતની ટકાવારી કરી શકાય નહીં, એવું જક્કી વલણ દાખવ્યું અને ફેસબુકે રાજીનામું મઢવું પડયું. ત્રણ વર્ષ કરતાં વધુ સમય પાટીદાર અનામત આંદોલન ચાલ્યું, પણ બંધારણ સુધારા માટે સહકારના એ વેળાના ગૃહમાં વિપક્ષના નેતા અને કોંગ્રેસી શંકરસિંહ વાઘેલા સહિતનાના ૨૦% ઈડબલ્યૂએસના આગ્રહ છતાં મચક નહીં આપનાર કેન્દ્ર સરકારે લોકસભાની ચૂંટણીને કેન્દ્રમાં રાખીને, અસ્સલ અગાઉની કેન્દ્ર સરકારે ચૂંટણી પહેલાં જ જાટ અનામત જાહેર કરી હતી તેમજ, ૯ જાન્યુઆરી ૨૦૧૯એ સંસદમાં બંધારણીય સુધારો કરાવીને "આર્થિક રીતે નબળા વર્ગના" લાભાર્થે અનામતના પ્રમાણને ૫૦ ટકાને વળોટી જવાનૃં પગલું ભર્યું. ૨૮ માર્ચ ૨૦૧૯ના રોજ ગુજરાતના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગે "આર્થિક રીતે નબળા વર્ગો માટે સીધી ભરતીમાં ૧૦% અનામતની જોગવાઈ અન્વયે રોસ્ટર રજિસ્ટરો પ્રમાણિત કરવા માટે" પરિપત્ર કરી "૫૦%ને સ્થાને હાલની નિયત ટકાવારી" એવો સુધારો કર્યો. આ પગલું લોકપ્રિયતાના મહિમામંડન માટે હતું; કારણ ૨૩ એપ્રિલના રોજ ગુજરાતમાં લોકસભાની તમામ ૨૬ બેઠકો માટે મતદાન હતું. હવે ટી.એન. શેષન જેવાં બળૂકાં વ્યક્તિત્વો ચૂંટણી પંચમાં બેસતાં નહીં હોવાથી અને ચૂંટણી આચારસંહિતા શોભાના ગાંઠિયા જેવી હોવાને કારણે, એની ઐસી કી તૈસી કરીને વિધિવિધાન પૂરતું પંચની મંજૂરી લઈને, નીતિવિષયક નિર્ણયો જાહેર કરવાની ફાવટ દિલ્હીશ્વરોને અને રાજ્યના સૂબાઓને વર્ષોથી આવી જ ગયેલી છે.અત્યારે વિધાનસભાની ચૂંટણીઓ ટાણે પણ આવું જ થવાનું.

**અનામતોને બિન-અનામતનાં સર્ટિફિકેટ**

ગુજરાત હંમેશાં અન્યો કરતાં બે ડગલાં આગળ રહે છેઃ ૮ મે ૨૦૧૯ના રોજ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના નિવૃત્તમાંથી પ્રવૃત્ત થયેલા અધિક સચિવ કે.જી.વણઝારાએ અખિલ ભારતીય આંજણા મહાસભાના પ્રમુખ અને મુખ્ય સંરક્ષક રહેલા હરિભાઈ વી.ચૌધરીની ન્યાયોચિત ભલામણ અને માંગણી સ્વીકારીને એક પરિપત્ર કર્યો. "ગુજરાત રાજ્યની કુલ ૧૪૬ જેટલી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત (એસઈબીસી કે ઓબીસી) જાતિઓમાંથી ૪૨ જેટલી જે જાતિઓ રાષ્ટ્રીય સ્તરે અન્ય પછાતો વર્ગો (ઓબીસી)માં સમાવાઈ નથી" એવી જાતિઓને ભારત સરકાર હેઠળના આર્થિક રીતે નબળા વર્ગો (ઈડબલ્યૂએસ) માટેના અનામતના લાભ માટેનું પ્રમાણપત્ર આપવા માટે ગુજરાત સરકારે આ પરિપત્ર કર્યો. હવે ગુજરાતમાં અનામતની યાદીમાં આવતી જે જાતિઓ કેન્દ્રમાં અનામત શ્રેણીમાં નથી આવતી તો એના માટે અલગ વ્યવસ્થા કરવાથી કેટલાક નવા ગૂંચવાડા થશે. ગુજરાતમાં જયારે ચીમનભાઈ પટેલની સરકાર હતી ત્યારે મંડળ પંચના અહેવાલની ઓબીસીમાં વર્ગીકૃત તમામ જાતિઓને અનામતનો લાભ આપવાનો નિર્ણય કરવા માટે ભારત સરકારે જણાવ્યું હતું. એ વખતે ગુજરાત સરકારે નહીં સ્વીકાર્યું એટલે ગૂંચવાડાભરી સ્થિતિ ઉત્પન્ન થઇ છે. આવતા દિવસોમાં પણ એની મડાગાંઠો ચાલુ રહેશે. વાસ્તવમાં અગાઉ ગુજરાતમાં આર્થિક રીતે પછાતો માટે સુવિધા હતી, પણ ઓબીસી અનામત છેક ઈન્દ્રા સાહની ચુકાદા પછી અમલમાં આવી અને એમાં પણ હજુ કેટલીક જ્ઞાતિઓ રાજયમાં ઓબીસીમાં છે; પરંતુ કેન્દ્રમાં નથી. અત્યારે જસ્ટિસ રોહિણી કમિશન મુદતવધારા મેળવે છે અને એ દરમિયાન કેન્દ્રનું ઓબીસી પંચ બંધારણીય બનાવાયા છતાં ઠપ છે.

**છબીલદાસ સરકારનો ન્યાય**

દેશનાં ૧૪ રાજ્યોએ ઈન્દિરા સાહની ચૂકાદાને પગલે કેન્દ્રની સલાહ મુજબ મંડળ પંચે જે જાતિઓને અનામત યાદીમાં મૂકી હતી એ યાદીને માન્ય કરી લીધી હતી.એનો અર્થ એ થાય કે ૨૭ % અનામતનો લાભ મેળવવા માટે કેન્દ્ર અને રાજયની યાદીમાં સુસંગતતા જળવાય. ગુજરાતમાં બાકી રહી ગયેલી ૨૭ અને સૌરાષ્ટ્રની મજુમદાર સમિતિની ભલામણવાળી ૯ જાતિઓનો છબીલદાસ મહેતા સરકારના સમયગાળામાં ત્રણ પ્રધાનો (સી.ડી.પટેલ, શશિકાંત લાખાણી અને લીલાધર વાઘેલા)ની સમિતિની ભલામણ ઉપરાંત તત્કાલીન વિપક્ષી નેતા કેશુભાઈ પટેલના ટેકાથી સમાવેશ કરાયો હતો.આ યાદીમાં ચૌધરી (જયાં તેઓ અનુસૂચિત જનજાતિના ન હોય), તેલી, મોઢ ઘાંચી, કુંભાર, પ્રજાપતિ, નવા બુદ્ધિસ્ટ, મનસુરી (મુસ્લિમ) વગેરેનો સમાવેશ હતો. હકીકતમાં અદાલતી ખટલાઓના નિવારણને અંતે છેક ૧૯૯૮માં મંડળ પંચમાં ઓબીસી તરીકે વર્ગીકૃત આ જાતિઓને અનામતનો વાસ્તવિક લાભ મળવો શરૂ થયો. એનો અર્થ એ થયો કે આ જાતિઓને તો ૫૦ વર્ષ પહેલાં મળવી જોઈતી અનામત પાંચ દાયકા પછી મળી એ મહાઅન્યાય જ લેખવો ઘટે.

**રાજ્યની ૪૨ જાતિઓને અન્યાય**

દેશભરમાં ૧૦ % "આર્થિક રીતે નબળા વર્ગો" (સવર્ણો) માટે નોખી અનામત માટે બંધારણ સુધારો કરીને એને દાખલ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને પગલે અનામતની ટકાવારી ૫૦ % કરતાં વધી જાય છે. કેન્દ્રના આ નિર્ણયને પડકારતી અનેક અરજીઓ સુપ્રીમ કોર્ટમાં થઈ છે. તમિળનાડુ સહિતનાં દક્ષિણનાં રાજ્યોમાં ૬૯ % સુધીની અનામત દાયકાઓથી અમલમાં છે. એ અંગેના ખટલા પણ સુપ્રીમમાં વિચારાધીન રહ્યા હોવાને કારણે આ નવી અનામત પણ કાનૂની દાવપેચમાં અટવાતી અમલમાં રહેશે, એવું મનાય છે. વર્ષે રૂપિયા ૮ લાખ એટલે કે મહિને રૂપિયા ૬૬,૦૦૦ કરતાં વધુ આવક ધરાવતાં "આર્થિક રીતે નબળા પરિવારોને" ઓબીસી અને આ નવી અનામતનો લાભ આપવાની બેનમૂન જોગવાઈ માટે દેશ-વિદેશમાં ચર્ચા છે. વર્ષે જેની પાંચ લાખ રૂપિયાની આવક છે તેની પાસેથી આવકવેરો વસુલવામાં આવે છે,પણ છ લાખ રૂપિયાની આવકવાળાને આર્થિક રીતે નબળા ગણવામાં આવે એ તો બેનમૂન બાબત છે. રાષ્ટ્રીય પછાત વર્ગ પંચે તો ૧૫ લાખ રૂપિયાની વાર્ષિક આવકવાળાને ગરીબ ગણીને ક્રીમીલેયરમાંથી બાકાત ગણીને ઓબીસીનો લાભ આપવાની ભલામણ કરી હતી. જોકે કેન્દ્રની વર્તમાન સરકારે ૮ લાખ રૂપિયાની આવક મર્યાદાને સ્વીકારીને ઓબીસી અનામતના લાભ આપવાનું ઠરાવ્યું.

હવે કલ્પના કરો કે ઓબીસી જાતિમાં આવનાર જે પરિવારની આવક વર્ષે માત્ર લાખ રૂપિયા છે એને અનામતની સૌથી વધુ જરૂર હોવા છતાં એનો વારો તો ક્યારેય આવશે કે કેમ એ પ્રશ્ન છે. એની યોગ્યાયોગ્યતા અને બંધારણીયતાની વાતને બાજુએ મૂકીએ તો પણ કેન્દ્ર અને રાજ્યોમાં અનામત જાતિઓની યાદી સમાન જળવાય એ માટે હરિભાઈ સહિતના જૂજ સમાજોના નેતાઓ કેન્દ્રને કાનૂની રજૂઆતો કરી રહ્યા છે.

# હિમાચલમાં ૨૧ બાગી ભાજપ માટે માથાનો દુઃખાવા

નવીદિલ્હી, દેશનાં છ રાજ્યોમાં વિધાનસભાની યોજાયેલી સાત વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીના પરિણામ આવી ગયાં. આ પરિણામોમાં કોઈ આશ્ચર્ય નથી પણ બિહારની ગોપાલગંજ બેઠકના પરિણામે ભાજપને ચિંતામાં નાંખી દીધો છે. ગોપાલગંજ પરંપરાગત રીતે ભાજપનો ગઢ મનાય છે.

ગોપાલગંજમાં ભાજપના સુભાષ સિંહ ૨૦૦૫થી જીતતા હતા. છેલ્લી ચાર ટર્મથી જીતતા સુભાષ સિંહના નિધનના પગલે ખાલી પડેલી બેઠક પર ભાજપે તેમનાં વિધવા કુસુમ દેવીને ટિકિટ આપી હતી. કુસુમ દેવી આ બેઠક જીતવામાં સફળ રહ્યાં છે પણ ભાજપની સરસાઈમાં ભારે ઘટાડો થયો છે. નીતિશ કુમારે આરજેડી સાથે હાથ મિલાવ્યા તેના કારણે નવાં સમીકરણો રચાયાં તેની અસર હોવાનું ભાજપના નેતા સ્વીકારે છે.

ભવિષ્યમાં તેની અસર ભાજપના ગઢ જેવી બીજી બેઠકો પર પણ પડશે એવું ભાજપને લાગે છે. લોકસભાની ચૂંટણીને બહુ વાર નથી તેથી ભાજપ ચિંતામાં છે. ઉત્તર પ્રદેશમાં સારા દેખાવથી ભાજપને સંતોષ છે પણ તેલંગાણામાં ભાજપે કેસીઆરની પાર્ટીને હરાવવા બહુ મહેનત કરી પણ સફળતા મળી નથી તેથી નિરાશા છે.

મહારાષ્ટ્રમાં શિવસેનાના ઉદ્ધવ જૂથના પીઢ નેતા ચંદ્રકાન્ત ખૈરેના દાવાએ ખળભળાટ મચાવ્યો છે. ખૈરેએ દાવો કરેલો કે, એકનાથ શિંદે જૂથના ૧૬ ધારાસભ્યો ગેરલાયક ઠરે તો પણ એકનાથ શિંદેની સરકાર ગબડે નહીં એટલે દેવન્દ્ર ફડણવિસે કોંગ્રેસના ૨૨ ધારાસભ્યોને તોડવાનો તખ્તો ઘડી કાઢયો છે. કોંગ્રેસના ૨૨ ધારાસભ્યો ગમે તે ઘડીએ ભાજપમાં જોડાવા તૈયાર જ છે.

ખૈરેના નિવેદનથી ભડકેલી કોંગ્રેસે આકરી પ્રતિક્રિયા આપતાં તેમણે પોતાનું નિવેદન પાછું ખેંચીને માફી માગી લીધી છે પણ કોંગ્રેસના સૂત્રો સ્વીકારે છે કે ખૈરેની વાતમાં દમ છે. ભાજપનાં સૂત્રોનું પણ કહેવું છે કે, ઉદ્ધવને છોડીને શિંદે સાથે સૌથી પહેલાં ગયેલા ૧૬ ધારાસભ્યોને સુપ્રીમ કોર્ટે ગેરલાયક ઠેરવશે એ નક્કી જ છે કેમ કે તેમણે પક્ષપલટા ધારાનો ભંગ કર્યો છે. આ સંજોગોમાં શિંદે સરકાર ગબડે નહીં એ માટે પ્લાન બી જરૂરી છે. અલબત્ત પ્લાન બીમાં એક શક્યતા ઉદ્ધવ સાથે હાથ મિલાવી લેવાનો પણ છે. શિવસેનનાં બંને જૂથ એક થઈ જાય એવા પ્રયત્નો પણ ભાજપે શરૂ કર્યા છે જેથી સરકાર બચી જાય.

તિહાર જેલમાં બંધ મહાઠગ સુકેશ ચંદ્રશેખરે મીડિયાને પત્ર લખીને અરવિંદ કેજરીવાલ સામે ગંભીર આક્ષેપો કર્યા છે. સુકેશે કેજરીવાલને મહાઠગ ગણાવીને લખ્યું છે કે, કેજરીવાલે રાજ્યસભાની ટિકિટના બદલામાં મારી પાસેથી ૫૦ કરોડ રૂપિયા લીધા હતા. કેજરીવાલ ૨૦૧૬માં એક ડિનર પાર્ટીમાં મળ્યા ત્યારે તેમની સાથે વાત કર્યા પછી મેં કૈલાસ ગેહલોતને અસોલાના એક ફાર્મ હાઉસમાં જઈ ૫૦ કરોડ રૂપિયા આપ્યા હતા. ગેહલોત અત્યારે કેજરીવાલ સરકારમાં પરિવહન મંત્રી છે. સુકેશે બીજા પણ ગંભીર આક્ષપો કર્યા છે. તેના પગલે ભાજપના નેતા કેજરીવાલ પર તૂટી પડયા છે.

# મોરબી પુલ દુર્ઘટના મામલે હાઈકોર્ટે જાતે જ સુઓમોટો PIL દાખલ કરી

અમદાવાદ,મોરબીના ઝુલતા પુલ દુર્ઘટના મામલે આખરે ગુજરાત હાઈકોર્ટે આજે સુઓમોટો વ્યુ લીધો હતો અને સુઓમોટો જાહેરહિતની રિટ અરજી દાખલ કરી હતી. ચીફ જસ્ટિસના વડપણ હેઠળની બેંચે કાળજા કંપાવનારી આ હોનારતની બહુ ગંભીર નોંધ લઇ રાજયના ચીફ સેક્રેટરી, શહેરી વિકાસ સચિવ, મોરબી કલેકટર, મોરબી નગરપાલિકા, રાજયની નગરપાલિકાઓના કમિશનર, ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ સહિતના સત્તાધીશોને પક્ષકાર બનાવી નોટિસ જારી કરી હતી.

હાઈકોર્ટે આ સમગ્ર મામલે રાજય સરકાર અને ગુજરાત રાજય માનવ અધિકાર આયોગને તપાસના સ્ટેટ્સ રિપોર્ટ સાથે જરૂરી જવાબ રજૂ કરવા નિર્દેશ કર્યો હતો.

રાજયના ચીફ સેક્રેટરી, ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ, મોરબી કલેકટર સહિતના સત્તાધીશોને નોટિસ

મોરબીમાં તા.૩૦ ઓક્ટોબરના રોજ ઝુલતા પુલ તૂટી પડવાની હોનારતમાં ૧૩૫થી વધુ લોકોના કરૂણ મોત નીપજયા હતા અને ૮૫થી વધુ લોકો ઘાયલ થયા હતા, જેને લઇ રાજયભરમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. આ અંગે મીડિયામાં પ્રસિધ્ધ થયેલા અહેવાલોને લઇ આજે ગુજરાત હાઈકોર્ટે દિવાળી વેકેશન બાદ કોર્ટ ખુલ્યાના પહેલા જ દિવસે મોરબી દુર્ઘટના મામલે સુઓમોટો વ્યુ

suvidhaa

## સુવિધા ઈન્ફોસર્વ લિમિટેડ

(CIN : L72900GJ2007PLC109642)

**રજી.ઓફિસ :** યુનિટ નં.૨, અઠયાવીસમો માળ, ગિફ્ટ-૨ બિલ્ડિંગ, બ્લોક નં.૫૬, રોડ-૫સી, ઝોન-૫, ગિફ્ટ સિટી, ગાંધિનગર -૩૮૨૩૫૫. **કોર્પોરેટ ઓફિસ :** ૧૪, ઓલીમ્પસ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ઓફ મહાકાલી કેવસ રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૯૩. **ટેલિફોન નંબર :** +૯૧ ૯૨૨૩૨૫૨૨૫ **ઈ-મેલ :** cs@suvidhaa.com **વેબસાઈટ :** www.suvidhaa.com

**સપ્ટેમ્બર ૩૦, ૨૦૨૨ના રોજ પુરા થતાં ત્રિમાસિક અને અડધા વર્ષનું ઓડિટ થયા વગરનો એકલો અને એકીકૃત કરેલ નાણાંકિય અહેવાલનો સારાંશ**

(રૂા. મિલિયનમાં)

| ક્રમ નં. | વિગતો | કોન્સોલિડેટેડ | | | | | | સ્ટેન્ડઅલોન | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ત્રિમાસિકના અંતે | | | અડધા વર્ષના અંતે | | વર્ષના અંતે | ત્રિમાસિકના અંતે | | | અડધા વર્ષના અંતે | | વર્ષના અંતે |
| | | ૩૦-૯-૨૦૨૨ (અનઓડિટેડ) | ૩૦-૬-૨૦૨૨ (અનઓડિટેડ) | ૩૦-૯-૨૦૨૧ (અનઓડિટેડ) | ૩૦-૯-૨૦૨૨ (અનઓડિટેડ) | ૩૦-૯-૨૦૨૧ (અનઓડિટેડ) | ૩૧-૩-૨૦૨૨ (ઓડિટેડ) | ૩૦-૯-૨૦૨૨ (અનઓડિટેડ) | ૩૦-૬-૨૦૨૨ (અનઓડિટેડ) | ૩૦-૯-૨૦૨૧ (અનઓડિટેડ) | ૩૦-૯-૨૦૨૨ (અનઓડિટેડ) | ૩૦-૯-૨૦૨૧ (અનઓડિટેડ) | ૩૧-૩-૨૦૨૨ (ઓડિટેડ) |
| 1 | કામકાજમાંથી કુલ આવક (નેટ)(આમાં અન્ય આવક પણ સામેલ છે) | 61.53 | 59.18 | 79.48 | 120.70 | 221.29 | 455.72 | 46.32 | 54.84 | 79.48 | 101.16 | 221.07 | 414.46 |
| 2 | નફો/(નુકશાન) (ટેક્સ, ખાધ,અપવાદ અને/ અસાધારણ પ્રવૃત્તિઓ પહેલાં) | 18.38 | 28.03 | 1.50 | 46.41 | 20.91 | 116.00 | 20.44 | 27.67 | 11.43 | 48.10 | 32.47 | 75.55 |
| 3 | નફો/(નુકશાન) ટેક્સ પહેલાં (અસાધારણ પ્રવૃત્તિઓ અને/ અપવાદ પહેલાં) | -16.50 | -6.48 | -33.38 | -22.98 | -48.64 | -24.39 | -14.38 | -6.84 | -23.45 | -21.22 | -37.12 | -64.84 |
| 4 | નફો/(નુકશાન) ટેક્સ પહેલાં (અપવાદી અને/ અસાધારણ પ્રવૃત્તિઓ બાદ) | -16.50 | -6.48 | -33.38 | -22.98 | -48.22 | -21.70 | -14.38 | -6.84 | -23.45 | -21.22 | -36.70 | -62.16 |
| 5 | નફો/(નુકસાન) ટેક્ષ પછી, (અપવાદી અને/ અસાધારણ પ્રવૃતિઓ બાદ) | -16.50 | -6.48 | -33.38 | -22.98 | -48.22 | -24.93 | -14.38 | -6.84 | -23.45 | -21.22 | -36.70 | -62.16 |
| 6 | કુલ વ્યાપક આવક(ટેક્ષ પછી)ના નફો/નુકસાનનો આમાં સમાવેશ થાય છે અને અન્ય વ્યાપક આવક (ટેક્ષ બાદ) | -16.50 | -6.48 | -33.38 | -22.98 | -48.22 | -25.21 | -14.38 | -6.84 | -23.45 | -21.22 | -36.70 | -62.45 |
| 7 | ઈક્વિટી શેર મૂડી (શેર દિઠ ફેસ વેલ્યુ રૂા.૧૦) | 207.45 | 203.29 | 203.29 | 207.45 | 203.29 | 203.29 | 207.45 | 203.29 | 203.29 | 207.45 | 203.29 | 203.29 |
| 8 | અનામત (રિવોલ્યુશન અનામત સિવાય)ગયા વર્ષની ઓડિટ થયેલ બેલેન્સ શીટ મુજબ | | | | | | 514.56 | | | | | | 1,083.32 |
| 9 | શેર દિઠ કમાણી(રૂા.૧૦ શેર દિઠ)(ચાલુ કે બંધ કામકાજ માટે) | -0.08 | -0.03 | -0.16 | -0.11 | -0.24 | -0.12 | -0.07 | -0.03 | -0.12 | -0.10 | -0.18 | -0.31 |
| | (એ) મૂળ -(બિન વાર્ષિક) | -0.08 | -0.03 | -0.16 | -0.11 | -0.24 | -0.12 | -0.07 | -0.03 | -0.12 | -0.10 | -0.18 | -0.31 |
| | (બી)મંદ - (બિન વાર્ષિક) | | | | | | | | | | | | |

ઉપર દર્શાવેલ અન ઓડિટેડ નાણાંકિય અહેવાલનો સારાંશ છે (એકલો અને એકીકૃત રીતે) સપ્ટેમ્બર ૩૦, ૨૦૨૨ના રોજ પુરા થતાં ત્રિમાસિક અને અડધા વર્ષના અંતે, અને સેબી (લિસ્ટિંગ અને અન્ય ડિસક્લોઝર રિક્વાયર્મેન્ટસ)અધિનિયમ ૨૦૧૫ના કાયદા નં.૩૩ની સાથે વાંચતા કાયદા નં.૪૭ હેઠળ સ્ટોક એક્ષચેન્જ સાથે પણ આજ માહિતી આપવામાં આવી છે. સ્ટોક એક્ષચેન્જીસની વેબસાઈટ www.bseindia.com & www.nseindia.com ઉપર પણ આજ નાણાંકિય અહેવાલ ઉપલબ્ધ છે. તથા કંપનીની વેબસાઈટ https://www.suvidhaa.com/financial-results.html ઉપર પણ ઉપલબ્ધ છે.

સુવિધા ઈન્ફોસર્વ લિમિટેડ માટે અને વતી,
સહી
પ્રશાંત ઠાકર
એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અને સીએફઓ
ડીન: ૦૩૧૭૯૧૧૫

તારીખ: નવેમ્બર ૧૨, ૨૦૨૨
સ્થળ: મુંબઈ